
# સાબરકાંઠા બેઠક માટે ૩૧ ઉમેદવારી પત્રો

## હિંમતનગર વિધાનસભા બેઠક ઉપર મુસ્તાક સંઘાણી સહિત ૧૦ અપક્ષોએ ઉમેદવારી કરી



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

હિંમતનગર, તા. ૯

લોકસભા ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાના છેલ્લા દિવસે સાબરકાંઠા બેઠક માટે અપક્ષ ઉમેદવારોનો ભારે ધસારો રહ્યો હતો. ભાજપ-કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સહિત ૩૧ ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભરી ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું છે. હિંમતનગર વિધાનસભા બેઠક ઉપર મુસ્તાકભાઈ જમાલભાઈ સંઘાણી અને ઈમરાન મહમદભાઈ સિપાઈ સહિત ૧૦ અપક્ષ ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભરી ચૂંટણીના મેદાનમાં ઉતર્યા છે.

સાબરકાંઠા લોકસભા બેઠક અને હિંમતનગર વિધાનસભા બેઠક માટે ઉમેદવારી પત્રો ભરવાના અંતિમ દિવસે અપક્ષો સહિત ક્ષેત્રિય પક્ષના ઉમેદવારોનો ભારે ધસારો રહ્યો હતો. લોકસભા બેઠક માટે કુલ ૩૧ ઉમેદવારો અને ઉમેદવારી પત્રો ભર્યા છે. જ્યારે હિંમતનગર વિધાનસભા બેઠક માટે કુલ ૧૬ ઉમેદવારી પત્રો ભરાયા છે. લોકસભા અને વિધાનસભામાં વધુ પડતા અપક્ષો મેદાનમાં ઉતરતાં કયો અપક્ષ ઉમેદવાર કોને નુકશાન કરશે ? તેની ગણત્રીઓ ભાજપ અને કોંગ્રેસમાં થઈ રહી છે. ૧૨ એપ્રિલે ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખે સમગ્ર ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

| | | |
|---|---|---|
| (૧) | ચાવડા રાજેન્દ્રસિંહ રણજીતસિંહ | ભાજપ |
| (૨) | જયંતિભાઈ દેવાભાઈ પટેલ | ભાજપ(ડમી) |
| (૩) | પટેલ વિપુલભાઈ રમણભાઈ | કોંગ્રેસ |
| (૪) | પટેલ નરસિંહભાઈ જેઠાભાઈ | કોંગ્રેસ (ડમી) |
| (૫) | ખણુસીયા ઉમરફારૂક શરીફભાઈ | આમ આદમી પાર્ટી |
| (૬) | સિસોદીયા નારાયણસિંહ પ્રતાપસિંહ | અપક્ષ |
| (૭) | પરમાર લાલસિંહ પૃથ્વીસિંહ | અપક્ષ |
| (૮) | ચૌહાણ સુરેન્દ્રસિંહ રતનસિંહ | અપક્ષ |
| (૯) | સંઘાણી મુસ્તાકભાઈ જમાલભાઈ | અપક્ષ |
| (૧૦) | સિપાઈ ઈમરાન મહમદભાઈ | અપક્ષ |
| (૧૧) | ધાગા મોબીન અકબરભાઈ | અપક્ષ |
| (૧૨) | પટેલ ચંદ્રશેખર અનીલભાઈ | અપક્ષ |
| (૧૩) | અંસારી રોશનબાનુ ઐયુબભાઈ | બસપ |
| (૧૪) | પટેલ જયંતિભાઈ પશાભાઈ | અપક્ષ |
| (૧૫) | પટેલ શાન્તીભાઈ નારાયણભાઈ | અપક્ષ |
| (૧૬) | દિવાન જાફરભાઈ જમીલશા | અપક્ષ |

## તલોદમાં છાશને પ્રિન્ટ કિંમત કરતાં વધુ કિંમતથી વેચતા વેપારીઓ

### ગરીબોનું પીણુ ગણાતી છાશે પણ મોં ફેરવ્યું, તંત્રની લાચારી

તલોદ, તા. ૯

તલોદમાં કમાવાની લાલચમાં વેપારીઓ ગરીબોના પેટ ઉપર તરાપ મારી રહ્યા છે. પેકીંગમાં ઉપલબ્ધ છાશને પ્રિન્ટ કિંમત કરતા વધુ કિંમતથી વેપારીઓ વેચાણ કરી રહ્યા છે. બ્રાન્ડેડ કંપનીની છાશના પેકીંગના વેચાણ ઉપર મળતુ કમિશન ઉપરાંત વધારાની રકમ ગ્રાહકો પાસેથી પડાવાની આ નિતી સામે વિરોધ કરતા ગ્રાહકોને ઉદ્ધત જવાબ મળતા હોવાની પણ બુમ ઉઠી છે. જો કે તંત્ર દ્વારા ખાનગી રાહે તપાસ કરાવતી ન હોવાથી આ દૂષણ બેફામ બન્યુ છે.

તલોદ શહેરમાં પેકીંગમાં દૂધ, દહી અને છાસનું વેચાણ કરતા વેપારીઓએ બ્રાન્ડેડ કંપનીઓની એજન્સી લીધેલ છે. આ કંપનીઓ વેપારીઓને કમિશન ચુકવતી જ હોય છે. છતાં કેટલાક લાલચુ વેપારીઓ દ્વારા પ્રિન્ટ કીંમત કરતા પણ વધુ રકમ ગ્રાહકો પાસેથી લઈ રહ્યા છે. જેમાં તલોદમાં કોલેજ માર્ગ ઉપર આવેલ રામદેવ સ્ટોર્સ દૂધ, દહી અને છાશનું વેચાણ કરે છે ત્યાંની વધુ ફીયાદો બહાર આવી છે.

ગરમીની સિઝનમાં ગરીબ અને મધ્યમ વર્ગ વધુ પડતો છાશનો ઉપયોગ કરી રહ્યા છે. ત્યારે તેમની જ મજબુરીનો લાભ ઉઠાવતા કેટલાક વેપારીઓ ચિજવસ્તુ ઉપર બેફામ દુરપયોગ કરી રહ્યા છે. તંત્ર દ્વારા આ બાબતે નિયમિત ચેકીંગ હાથ ધરવા જોઈએ પરંતુ આ બાબતે તંત્ર દ્વારા કોઈ જ ચેકીંગ થતુ ન હોવાનું જાણવા મળે છે. સત્વરે આ અંગે ખાનગીમાં તપાસ હાથ ધરી આવા વેપારીઓ વિરૂદ્ધ કડક ફોજદારી કાર્યવાહી હાથ ધરાય તેવી માંગ સર્વત્ર ઉભી થવા પામી છે.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## મહિલાઓના નિષ્ફળ જતા મત બચાવવા મતદાન જાગૃતિ અભિયાન હાથ ધરાયુ

પ્રાંતિજ, તા. ૯

દેશમાં ચૂંટણીના ઢોલ નગારાનો અવાજ સંભળાવા લાગ્યો છે. ત્યારે આ ચૂંટણીમાં મતદાન વધુમાં વધુ થાય તે માટે મતદાન જાગૃતિ કાર્યક્રમ ઠેર ઠેર યોજવામાં આવે છે. પ્રાંતિજ તાલુકામાં મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પ્રાંતિજના ગામડામાં આજે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ઝોનલ ઓફિસર, મદદનીશ અધિકારીઓ દ્વારા આ વખતે સૌથી વધુ મતદાન થાય તે માટે ઈલેક્ટ્રોનિક્સ વોટીંગ મશીનની માહિતી પુરી પાડવામાં આવી હતી.

દેશમાં સૌ પ્રથમવાર નોટા (નન ઓફ ધ અબોવ) મતનો ઉપયોગ થઈ રહ્યો છે. ત્યારે આ મતની વિસ્તૃત માહિતી આપી ગ્રામજનોને જાગૃત કરવામાં આવ્યા હતા. આજરોજ રૂટ નં. ૧૧ના બોરીયા, સીતવાડા, મજરા, બોભા, અનવરપુરાના ગ્રામજનોને માહિતી આપવામાં આવી હતી.

લોકસભાની ચૂંટણીમાં અન્ય ચૂંટણી કરતા મતદાન ઓછુ થતુ હોય છે ત્યારે આ લોકસભાની ચૂંટણીમાં સૌથી વધુ મતદાન થાય તે માટે ચૂંટણી પંચ દ્વારા મતદાર જાગૃતિ અભિયાન આરંભવામાં આવ્યું છે. મતદાન ન કરવામાં મહિલાઓનું પ્રમાણ વધુ હોય છે. ત્યારે મહિલાઓ વધુમાં વધુ મતદાન કરે અને પોતાના કિંમતી મતનું મહત્વ સમજે તે માટે જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

## તલોદ બજારમાં ઉડતી ધુળથી અનેક લોકોના સ્વાસ્થ્ય બગડ્યા

### ગટરકામથી મુખ્ય માર્ગો ઉપર માટીના ઢગ, પાણીનો છંટકાવ ન થતા વણસેલી સ્થિતિ

તલોદ, તા. ૯

તલોદ શહેરને ભુગર્ભ ગટર યોજના થકી ગટરનો લાભ થવાની તૈયારીઓ થઈ રહી છે. પરંતુ તેના ઓથા હેઠળ હાલ શહેરીજનો અનેક યાતનાઓ સહન કરી રહ્યા છે. તલોદ શહેરના મુખ્ય માર્ગને તોડી નખાયા પછી ઠેર ઠેર માટીના ઢગ ખડકાયા છે. અને જોરદાર પવન થકી આ માટી અને ધુળ વાતાવરણમાં ભળી જઈ લોકોના શ્વાસમાં આવી જાય છે. જેથી અનેક લોકો આ એલર્જીક પ્રક્રિયા થકી બિમારીના ચક્કરમાં ફેલાઈ ગયા છે.

તલોદ શહેરીજનોમાં શ્વાસ, ઉધરસ, શરદી, આંખોની બળતરા જેવા અનેક રોગોથી પીડાઈ રહ્યા છે. ખાનગી અને સરકારી દવાખાનામાં આ રોગોના દર્દીઓની સંખ્યામાં ઘણોજ વધારો જોવા મળી રહ્યો છે. જો કે તલોદ શહેરમાં ભુગર્ભ ગટરના કામ પછી રાખવાની થતી સાવચેતી તંત્ર દ્વારા ન રખાતા આ કફોડી સ્થિતિ સર્જાઈ હોવાનું બહાર આવ્યું છે.

તલોદશહેરના મુખ્ય અને આંતરિક માર્ગો ગટરના કામ સંબંધે તોડી નખાયા છે. જેથી ફક્ત ધુળ અને માટી જ માર્ગ ઉપર દેખાઈ રહી છે. જેના ઉપર નિયમિત પાણીનો છંટકાવ ન કરવામાં આવતા આ ધુળ અને માટી લોકોના સ્વાસ્થ્યને સીધી અસર કરી રહી છે. જેમાં આ બાબતની એલર્જી ધરાવતા લોકો માસ્ક વગર બહાર જ આવી શકતા નથી અને બહાર નીકળેલા લોકો માર્ગો ઉપર જ ખાંસતા નજરે પડી રહ્યા છે.

તંત્ર દ્વારા નિયમિત પાણી છંટકાવ શરૂ કરાય અને આ બાબતનો યોગ્ય ઉકેલ લવાય તેવી શહેરીજનોની માંગ છે.



(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

## ધાનેરામાં પાંચમના મેળામાં મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ધાનેરા તાલુકાના વાલેટ ગામે પાંચમના મેળામાં વિશેષ મતદાર જાગૃતિનો કાર્યક્રમ યોજાયો હતો. આ મતદાન કાર્યક્રમમાં નાગરિકોને મતદાન જાગૃતિ વિશે માહિતી અને માર્ગદર્શન તંત્રના અધિકારીઓએ આપ્યું હતું. કાર્યક્રમમાં નાયબ કલેકટર બી.જે. સોની તથા મામલતદાર સહિતના અધિકારીઓએ ઉપસ્થિત રહી કુલ ૧૭૭૦ વ્યકિતઓની સાથે સંપર્ક કરી માહિતી આપી હતી. ઉપરાંત ૧૨૫ મતદારોને સંકલ્પ પત્ર દ્વારા સંકલ્પ લેવડાવવામાં આવ્યા હતા.

## બોરીયા સીતવાડા ગામે બળીયાદેવની મૂર્તિનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા. ૯

પ્રાંતિજના બોરીયા સીતવાડા ગામે તાજેતરમાં ગ્રામજનો દ્વારા નવનિર્મિત બળિયાદેવ મંદિર અને મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. આ ત્રિદિવસીય મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં ૧૧ કુંડી મહાયજ્ઞ, ધજા આરોહણ, ભજન કિર્તન સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. આ ધાર્મિક પ્રસંગે મુખ્ય યજમાન પદે ખુમાનસિંહ નવલસિંહ હવનમાં ભાગ લીધો હતો. ઉપરાંત ઉપસ્થિત સર્વે ભાવિક ભક્તોએ મહોત્સવમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ પૂજા-અર્ચના અને દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી અંતે આયોજકો દ્વારા મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## હિંમતનગર તાલુકા ડિઝાસ્ટર સમિતિની બેઠક યોજાઈ : કઠીન સમયે તૈયાર રહેવું

હિંમતનગર તાલુકા ડિઝાસ્ટર સમિતિની બેઠક આજરોજ તાલુકા પ્લાન તૈયાર કરવાના હેતુસર ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે યોજવામાં આવી હતી. સરકારના જી.એસ.ડી.એમ. મહેસુલ વિભાગ દ્વારા તાલુકા ડિઝાસ્ટર હેઠલ પ્લાન તૈયાર કરવા માટે માર્ગ-મકાન વિભાગ, સિંચાઈ વિભાગ, આરોગ્ય, શિક્ષણ, ફોરેસ્ટ વિભાગના અધિકારીઓની હાજરીમાં મિટીંગ યોજવામાં આવી હતી.

આ પ્રસંગે મામલતદાર હિંમતનગરે જણાવ્યું હતું કે તાલુકામાં અચાનક આવતા ભૂકંપ, વાવાઝોડુ, આગ, અકસ્માતમાં લાઈન ડીપ્રાટમેન્ટની ભૂમિકા અને માળખાગત સુવિધાઓ આપવા માટે સજ્જ રહેવુ જોઈએ. મામલતદાર કક્ષાએ ગુજરાત ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૦૩ના પ્ર-૬ની કલમ-૧૫ મુજબ તાલુકાના મામલતદારશ્રીને કલેક્ટર દ્વારા પ્લાન તૈયાર કરવાની સૂચના આપવામાં આવી છે.

## મોડાસાના મેઢાસણ જોડે દારૂ ભરેલી જીપે બાઈકને ટકકર મારતાં ૨ ના મોત

### દારૂ ભરેલી કારે બે યુવાનોના જીવ લીધો : મહિન્દ્રા મેક્ષ જીપમાંથી ૭૪૩ પેટી વિદેશી-દેશી દારૂ મળી આવ્યો



(તસવીર : અહેમલ ઉલ્લા, મોડાસા)

મોડાસા, તા.૯

મોડાસાના મેઢાસણ નજીક રાત્રીના સમયે એક બુટલેગરની દારૂ ભરેલી જીપની ટકકરથી મેઢાસણના બે આશાસ્પદ યુવાનના કમકમાટીભર્યા મોત નિપજયા છે. આમ ચૂંટણીઓ નજીક આવતા અરવલ્લી જિલ્લામાં દારૂની હેરાફેરી વધી છે છતાં જિલ્લા પોલીસ વડા મહુર ચાવડા નિયંત્રણ લાવી શકતા નથી તેમાં બેમત નથી.

આધારભૂત સૂત્રો દ્વારા જાણવા મળ્યા મુજબ મેઢાસણ ગામની સિમમાં ૭૪૩ પેટી વિદેશી દારૂ ભરેલી જીપના ચાલકે બેફામ તથા ગફલતભરી રીતે જીપ નંબર જીજે-૨-બીડી-૩૭૩૫ને હંકારી સામેથી આવતી મોટર સાઈકલ જીજે-૯-૫-૬૦૭૧ને ટકકર મારી મોટર સાઈકલ ચાલક અશોકભાઈ કેશાભાઈ પટેલ તથા દિનેશભાઈ કાન્તિલાલ ભોઈને ટકકર મારી દેતાં બંને આશાસ્પદ યુવાનના મોત નિપજયા હતા. એકાએક વિદેશી દારુ ભરેલી બુટલેગરની ગાડી પલ્ટી મારી જતાં રોડ પર દારુની રેલમછેલ થઈ ગઈ હતી. અમુક લોકો દારૂ લુંટી ગયા હતા અને જીપમાં વધેલો ૭૪૩ નંગ બોટલો જેની કિંમત ૧,૨૦,૩૦૦ થાય છે તે પોલીસને હાથ લાગી હતી અને ઘટના સ્થળેથી ૫૦૦ રૂપિયાનો મોબાઈલ તથા જીપ મળી કુલ રૂ. ૩,૨૦,૮૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ ઘટનાની જાણ થતાં મોડાસા રૂરલ પી.એસ.આઈ. એ.કે. વાળા, રાઈટર ચંદ્રસિંહ સહિતનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચ્યો હતો અને લાશો તથા દારૂનો કબ્જો લઈ પ્રોહીબીશન એકટ તથા મોટર વ્હીકલ એકટની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પાલનપુરમાં પુરૂષોત્તમ રૂપાલાની જાહેર સભા યોજાઈ

લોકસભાની ચૂંટણીના પડઘમ વાગતા બનાસકાંઠામાં વિવિધ રાજકીય આગેવાનોની ચૂંટણી સભાઓનો દોર શરૂ થઈ ગયો છે. ભારતીય કિસાન મોરચાના રાષ્ટ્રીય પ્રભારી પુરૂષોત્તમભાઈ રૂપાલાએ આજે બનાસકાંઠા જિલ્લાના પાલનપુરના ગઢ ગામે અને જુના લક્ષ્મીપુરા ખાતે જાહેર જનતાને સંબોધન કર્યું હતું.

## ભિલોડામાં ઠેર-ઠેર જ્યુસ સેન્ટરો અને શેરડીના રસના કોલા ધમધમી રહ્યા છે

ભિલોડા,તા.૯

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડામાં ઠેર-ઠેર જ્યુસ સેન્ટરો અને શેરડીના રસના કોલા ધમધમી રહ્યા છે ત્યારે આરોગ્ય તંત્રના જવાબદાર અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાં પોઢી રહ્યા હોવાનું લોકમુખે ચર્ચાતો પ્રાણ પ્રશ્ન છે. અસહ્ય કાળઝાળ ગરમીનો શુભારંભ થયો છે ત્યારે ૩૫ ડિગ્રી થી ૪૦ ડિગ્રી ગરમીનું તાપમાન હોય છે. જ્યુસ સેન્ટરો, આઈસ્ક્રીમ પાર્લરો, શેરડીના રસના કોલા, પાણી-પુરી, દાબેલી, ઠંડા-પીણાં, લસ્સી, બદામસેકના નાના-મોટા વેપારીઓ ધ્વારા હાટડીઓ ઠેર-ઠેર બિલાડીના ટોપની માફક ખોલવામાં આવી છે.

જ્યુસ સેન્ટરો અને આઈસ્ક્રીમ પાર્લરો ધમધમી રહ્યા છે.પ્રજાજનોના આરોગ્ય સાથે રીતસરના અમુક વેપારીઓ ચેંડા કરી રહ્યા હોવાનું લોકમુખે ચર્ચાય છે. જીલ્લા ફુડ અને ડ્રગ્સ વિભાગના જવાબદાર અધભિકારીઓ ધ્વારા ન્યાયીક કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી તેમ લોકમુખે ચર્ચાય રહ્યું છે.લોકમુખે ચર્ચાય છે કે અમુક અધિકારીઓ હપ્તાની માયાઝાળમાં ફસાયા હોવાના કારણે ન્યાયીક કાર્યવાહી કરવામાં ઢીલ છોડી રહ્યા છે. નિર્દોષ પ્રજાજનો જોરદાર સ્વાદના ચટાકામાં ફસાયા હોવાના કારણે નીચી ક્વોલીટીની ચીજવસ્તુઓ પ્રજાજનો બિનદાસ્ત પેટમાં પધરાવી રહ્યા છે ત્યારે રોગચાળો ફેલાવવાની દહેશત સેવાઈ રહી છે. સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં સારી ક્વોલીટીની કેરી માર્કેટમાં મળતી નથી. વેપારીઓ ધ્વારા ઠેર-ઠેર રેડીમેડ કેરીનો રસ વેચી રહ્યા છે. નિર્દોષ પ્રજાજનો કેરીનો રસ હોંશે-હોશેં પેટમાં પધરાવી રહ્યા છે પરંતુ કેરીના રસમાં ઝેરી કાર્બન પણ પ્રજાજનો પેટમાં પધરાવી રહ્યા હોવાનું જાણવા મળેલ છે.

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ઠેર-ઠેર ટેન્ટ બનાવી જ્યુસ સેન્ટરો, શેરડી રસના કોલા, પાણી-પુરી, દાબેલી, ઠંડા-પીણાં, લસ્સી, બદામસેકના નાના-મોટા વેપારીઓ મોટાપાયે કાયદાની ઐસી-તૈસી કરી બિનદાસ્ત ધિકતો ધંધો ચલાવી રહ્યા છે. અમુક વેપારીઓ ધ્વારા ગંદા પાણીમાં કલરો ભેળવી જાત-જાતની અવનવી પેપ્સીઓ બનાવી રહ્યા છે ત્યારે ગ્રામ્યવિસ્તારોમાં સસ્તી પેપ્સીઓ ધુમ વેચાય છે. કેરી, ચીકુ, અનાનસ, શેરડીના જ્યુસ સેન્ટરો અને પાર્લરોમાં માખીઓના ઢગલે-ઢગલા જોવા મળતા હોય છે. દાબેલી, કચોરી, વડાપાઉં, મેથીના ગોટા અને પાણી-પુરીવાળા અમુક નાના-મોટા વેપારીઓ ગંદુ પાણી વાપરતા હોવાના કારણે પ્રજાજનોના આરોગ્ય ઉપર વિપરીત અસરો વર્તાતી હોય છે.સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકાના આરોગ્ય તંત્રના જવાબદાર અધિકારીઓ આ બાબતે સત્વરે ન્યાયિક કાર્યવાહી કરે તેવી જાગૃત પ્રજાજનોની પ્રબળ માંગણી છે.

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ તથા મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧